# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14/08/2026** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **અમરેલીમાં યોજાનાર સ્વાતંત્ર્ય દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સમારોહની તૈયારીઓ પૂર્ણ – આજે એટ હોમ કાર્યક્રમ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.**
2. **હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત વિવિધ જિલ્લાઓમાં તિરંગા યાત્રા યોજાઇ.**
3. **નકલી વેબસાઇટ બનાવી છેતરપિંડી મામલે વધુ એક આરોપીની ધરપકડ - કુલ સાત આરોપીઓ ઝડપાયા.**
4. **હવામાન વિભાગે રાજ્યમાં આગામી 7 દિવસ વરસાદની આગાહી કરી – આજે કેટલાક જિલ્લામાં ભારે વરસાદ.**
5. **અમદાવાદમાં ચાલી રહેલી FIBA અંડર-18 એશિયા પુરુષ બાસ્કેટબોલ કપ-2026માં આજે ભારત અને જાપાન વચ્ચે મુકાબલો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# AMRELI CELEBRATION

૮૦મા સ્વાતંત્ર્ય દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સમારોહમાં અમરેલી પોલીસ પરેડ મેદાન ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તિરંગો ફરકાવશે. સાથોસાથ જિલ્લાના આશરે 403 કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કરાશે.

જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે જિલ્લાના તમામ નાગરિકોને આ ઐતિહાસિક પ્રસંગે ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે. આ કાર્યક્રમમાં રાષ્ટ્રધ્વજને સલામી સાથે જિલ્લા વહિવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ થશે. સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ આજે પણ અમરેલીમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં સાંજે સાડા વાગે નવી નૂતન સ્કૂલ ખાતે 'એટહોમ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રાજ્યપાલ જિલ્લાના વિશિષ્ટ નાગરિકો અને અગ્રણીઓને શુભેચ્છાઓ પાઠવશે. જેમાં મુખ્યમંત્રી પણ વિશેષરૂપે સહભાગી થશે. આ અંગે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે વધુ માહિતી આપી.

**(BYTE – VIKALP BHARDWAJ, DISTRICT COLLECTOR, AMRELI)**

*(આપ પર્વ મહોત્સવના પ્રારંભે તારીખ ૧૪ ઓગસ્ટના રોજ સાંજે ૬:00 વાગ્યે અતિ એક ભવ્ય અને રાષ્ટ્રભક્તિ સભર સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન સાથે થશે, જેમાં ગુજરાતની ગૌરવશાળી સંસ્કૃતિ અને દેશભક્તિની ઝાંખી જોવા મળશે. આપ સૌને પરિવાર અને મિત્રો સાથે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે. આ પર્વનું મુખ્ય આકર્ષણ સમાન તારીખ ૧૫મી ઓગસ્ટ સવારે ૮:૫૫ કલાકે રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં મુખ્ય ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે.)*

# PREZ- ADDRESS (MUST BROADCAST)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે 80મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે. રાષ્ટ્રપતિનું સંબોધન આકાશવાણીના સમગ્ર રાષ્ટ્રીય નેટવર્ક પર સાંજે 7 વાગ્યે પ્રસારિત થશે. દૂરદર્શનની બધી ચેનલો પર સંબોધનનું હિન્દીમાં અને ત્યારબાદ અંગ્રેજી સંસ્કરણ પ્રસારિત થશે. ત્યારબાદ દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો પર પ્રાદેશિક ભાષાઓમાં તેનું પ્રસારણ કરાશે. આકાશવાણીના પ્રાદેશિક કેન્દ્રો પરથી રાત્રે સાડા નવ વાગ્યે સંબોધનનું પ્રાદેશિક ભાષાઓમાં ભાવાનુવાદ પ્રસારિત  કરાશે.

# AMRELI - SHASTRA PRADARSHAN

અમરેલીમાં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે આયોજિત શસ્ત્ર પ્રદર્શનનો ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં સ્નાઇપર રાઇફલ, ઓટોમેટિક ગ્રેનેડ લોન્ચર, ગેલિલ સ્નાઇપર રાઇફલ, વિધ્વંસક એન્ટી મટિરિયલ રાઇફલ જેવા અત્યાધુનિક શસ્ત્રોને પ્રદર્શન અર્થે મુકાયા છે. શહેરની સમર્થ વ્યાયામ શાળા ખાતે આયોજિત આ શસ્ત્ર પ્રદર્શનમાં ગુજરાત પોલીસ દ્વારા ગુજરાત પોલીસના ચેતક કમાન્ડો ફોર્સના અત્યાધુનિક શસ્ત્રો તેમજ ઉપકરણો પ્રદર્શન અર્થે મૂકવામાં આવ્યા છે. જેને નાગરિકો 16 ઓગસ્ટ સુધી નિહાળી શકશે.

આ પ્રસંગે બોલતા રાજ્યમંત્રીએ જણાવ્યું કે, પ્રદર્શનનાં શસ્ત્રો આપણી આધુનિક ફોર્સની સજ્જતા દર્શાવે છે. તેમણે નાગરિકોને મોટી સંખ્યામાં આ પ્રદર્શન નિહાળવાની અપીલ કરી.

# TIRANGA YATRA

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત અરવલ્લી જિલ્લામાં તિરંગા યાત્રા યોજાઈ હતી.. તિરંગા યાત્રામાં રાજકીય અગ્રણીઓ, પોલીસ- હોમગાર્ડ જવાનો અને અધિકારીઓ, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સહિત નગરજનો જોડાયા હતા. આ યાત્રા મોડાસાના ઉમિયા મંદિર ચોકથી શરૂ થઈ હતી જે મોડાસાના ચાર રસ્તા, બસ સ્ટેશન, રામપાર્ક સોસાયટી સહિતના વિવિધ વિસ્તારોમાં ફર્યા બાદ કલ્યાણચોક ખાતે પૂર્ણ થઈ હતી. ધારાસભ્ય ભીખુસિંહજી પરમારે પ્રતિક્રિયા આપી

**(BYTE - MLA BHIKHUSINHJI PARMAR)**

*(મોડાસા ખાતે તિરંગા યાત્રા કાઢવામાં આવી. આ યાત્રાની અંદર જિલ્લાના સમાહર્તા, કલેક્ટર, એસપી, જિલ્લા વિકાસ અધિકારી, ઉચ્ચ અધિકારી તેમજ અરોલી જિલ્લાના પ્રમુખ ભીખાજી ઠાકોર અને એમની સમગ્ર ટીમ તેમજ તાલુકા સંગઠને પણ આ કાર્યક્રમમાં આ યાત્રામાં જોડાઈને આ યાત્રાને સફળ બનાવી છે. ત્યારે સૌને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.)*

દરમિયાન ભાવનગર શહેરમાં પણ જિલ્લા કક્ષાની તિરંગા યાત્રાનું આયોજન કરાયું હતું. આ યાત્રા એ.વી. સ્કૂલ મેદાનથી શરૂ થઈ ગરાસિયા બોર્ડિંગ, ભીડભંજન, ઘોઘા ગેટ, એમ.જી. રોડ, વોરા બજાર, બાર્ટન લાઇબ્રેરી, હલુરિયા, શહીદ સ્મારક અને કાવેરી કોમ્પ્લેક્સ ચોક સહિતના માર્ગો પરથી પસાર થઈ એ.વી. સ્કૂલ મેદાન ખાતે પૂર્ણ થઈ હતી. અશ્વદળ, બાઇકર્સ, પોલીસ બેન્ડ, શાળા બેન્ડ તેમજ રાસ-ગરબાની પ્રસ્તુતિઓએ યાત્રામાં વિશેષ આકર્ષણ જમાવ્યું હતું

સુરતમાં પણ તિરંગા યાત્રા યોજાઈ હતી. વેસુના વાય જંક્શનથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી બે કિલોમીટરની આ તિરંગા યાત્રામાં હજારો લોકો જોડાયા હતા. પોલીસ બાઇક પ્લાટુન, ફાયર બાઈક પ્લાટુન, બેલેન્સિંગ બાઈક, માઉન્ટેન હોર્સ પ્લાટુન, મહિલા પોલીસ બેન્ડ પ્લાટુન, બ્લેક કેટ કમાન્ડો, શાળાઓના બેન્ડ, હોમગાર્ડ, એનસીસી કેડેટ્સના કરતબો ઉપસ્થિત સૌએ માણ્યા હતા.

# ARREST

રાજ્ય સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના પોલીસ અધિક્ષક રાજદીપ સિંહ ઝાલાએ જણાવ્યું કે નકલી વેબસાઇટ બનાવી છેતરપિંડી મામલે ફેબ્રુઆરી 2026 માં નોંધાયેલા એક કેસમાં વધુ એક આરોપીની ધરપકડ કરાઇ છે. અત્યાર સુધી આ કેસ મામલે કુલ સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ અંગે રાજદીપ સિંહ ઝાલાએ વધુ માહિતી આપી.

## (BYTE – RAJDEEPSINH JHALA, SUPERINTENDENT OF POLICE)

*(સોમનાથ ખાતેની સાગર દર્શન અતિથિ ગૃહ, મહેશ્વરી અતિથિ ગૃહ અને લીલાવતી અતિથિ ભવન ની ફેક વેબસાઈટ ક્રિએટ કરી અને નાગરિકો સાથે છેતરપિંડી કરેલી તેમાં અગાઉ છ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલી હતી જે પૈકી સચિન સુરેન્દ્રસિંહ ગુર્જર નાઓની ધરપકડ કરવામાં આવેલી આ વેબસાઈટો ચલાવવા માટે વારંવાર જે સિમ કાર્ડની જરૂર પડતી હોય એ સિમ કાર્ડ અને ૧૮ જેટલા બેંક મ્યુલ એકાઉન્ટો પણ એણે પ્રોવાઈડ કર્યા હતા)*

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# WEATHER

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી 7 દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે મહીસાગર, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે રાજ્યના અન્ય જિલ્લાઓમાં સામાન્યથી મધ્યમ વરસાદ વરસી શકે છે. આ અંગે હવામાન વિભાગના વડા એ કે દાસે વધુ વિગતો આપી.

## (BYTE – A. K. DAS, METEOROLOGICAL DEPARTMENT)

*(દક્ષિણ ક્ષેત્રમાં, આપણે જે પવનની દિશા છે, તે નૈઋત્યથી પશ્ચિમ દિશા તરફ વહન થવાની અત્યંત સંભાવના રહેશે. સ્ટીપ પ્રેશર ગ્રેડન્ટના કારણે સ્ટ્રોંગ વિન્ડ વહન થવાની સંભાવના રહેશે. જે સ્પીડ રહેશે 15 થી 20 નોટ. ગસ્ટિંગ સ્પીડ જે રહેશે, 25 નોટ સુધી જવાની સંભાવના રહેશે. જેમાં રેઈન થવાની સાથે પણ સંભાવના રહેશે. સી કન્ડિશન મોડરેટથી રફ રહેવાની સંભાવના છે. અમદાવાદ માટે આજે જનરલી ક્લાઉડી સ્કાયનું ફોરવર્ડિંગ આપવામાં આવ્યું છે.)*

# RAIN

રાજ્યમાં ફરી વરસાદના પગલે બનાસકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ગત મોડી રાત્રે વરસાદ થયાના અહેવાલ છે. જિલ્લાના પાલનપુરમાં સૌથી વધુ **46** મીમી, દાંતામાં **30,** ડીસામાં **28** મીમી અને વડગામમાં **9** મીમી વરસાદ નોંધાયો છે.

# FIBA U-18 ASIA CUP

FIBA અંડર-18 એશિયા મેન્સ બાસ્કેટબોલ કપ-2026 અમદાવાદ ખાતે શરૂ થયો છે. જેમાં આજે ભારત અને જાપાન વચ્ચે મુકાબલો થશે. ગઇકાલે અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સ્પર્ધાના પહેલા દિવસે ઓસ્ટ્રેલિયાએ થાઇલેન્ડને 102-32ના સ્કોરથી હરાવ્યું હતું.

જ્યારે અન્ય એક મેચમાં ફિલિપાઇન્સને ચાઇનીઝ તાઇપેઈ સામે 89-88થી જીત મળી હતી. અન્ય એક મેચમાં ન્યુઝીલેન્ડે સીરિયાને 67-58થી હરાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, 23 ઓગસ્ટ સુધી ચાલનારી આ સ્પર્ધામાં 16 દેશોના ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

# AMC CIVIC DECISIONS & WAJDAJ BRIDGE UPDATE

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા નાગરિકલક્ષી અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. આ નિર્ણયો નાગરિક સુવિધા, સુરક્ષા, ટેક્નોલોજી અને અમદાવાદની ઐતિહાસિક વિરાસતના સંવર્ધન તરફ AMCની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ નિર્ણયોમાં AMCની શબવાહિની સેવા સંપૂર્ણપણે નિઃશુલ્ક, વાડજ બ્રિજને લોડ ટેસ્ટ બાદ ટૂંક સમયમાં ખુલ્લો મુકાવા સહિતના નિર્ણયો લેવાયા છે.

**(BYTE: KAMLESH PATEL, CHAIRMAN OF THE STANDING COMMITTEE OF THE AMC)**

*(અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ શબવાહિનીમાં ૫૦ રૂપિયાનું જે શુલ્ક લેવામાં આવતું હતું, એને બંધ કરવામાં આવશે અને હવે આ સરવાહિની જે છે એ નિશુલ્ક રહેશે. વાડજ નો બ્રિજ જે છે એની મહત્તમ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ખૂબ નજીકના દિવસોમાં આ બ્રિજ જે છે એ અમદાવાદની જનતા માટે ખુલ્લો મુકવામાં આવશે. હવેથી કોઈ પણ નાગરિક ફરિયાદ કરશે તો એ ફરિયાદનો એને જવાબ **AI** દ્વારા ખૂબ સુંદર અને સારી રીતે મળશે. એ એના માધ્યમથી પહેલા તો એને નમસ્કાર અને એની સાથે એની ફરિયાદ શું છે એ પૂછવામાં આવશે. )*

# PARTITION HORRORS REMEMBERENCE DAY

રાજ્ય સહિત દેશભરમાં આજે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ મનાવવામાં આવી રહયો છે. રાષ્ટ્ર 1947ના વિભાજન દરમિયાન પોતાનો જીવ ગુમાવનારા અને અસહ્ય વેદના સહન કરનારા તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે.

રાષ્ટ્રના વિભાજનને કારણે જીવ ગુમાવનારા અને તેમના મૂળથી વિસ્થાપિત થયેલા તમામ લોકોને યોગ્ય શ્રદ્ધાંજલિ આપવા 2021 માં, સરકારે દર વર્ષે 14 ઓગસ્ટને વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ તરીકે ઉજવવાનું જાહેર કર્યું હતું.

આ દિવસ લોકોને સામાજિક વિભાજન, વિસંગતતાના ઝેરને દૂર કરવાની અને એકતા, સામાજિક સંવાદિતા અને માનવ સશક્તિકરણની ભાવનાને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાતની યાદ અપાવે છે. માનવ ઇતિહાસમાં સૌથી મોટા સ્થળાંતર વચ્ચે થયેલા વિભાજનથી લગભગ 20 મિલિયન લોકો અસરગ્રસ્ત થયા હતા.

# CLEANLINESS DRIVE FORTNIGHT

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંતર્ગત રાજ્યના જિલ્લાના મુખ્ય સ્થળોએ સ્વૈચ્છીક નાગરિક સહકાર થકી પખવાડિયા અથવા મહિનાના સ્વચ્છતા અભિયાન હાથ ધરવા દિશા-નિર્દેશ આપ્યા. આ સ્વચ્છતા અભિયાનમાં શાળાના વિદ્યાર્થીઓ, **NSS, MY** ભારત, **NCC,** યુવા સંગઠનો અને સામાજિક સંગઠનોને સાંકળવા માટે અનુરોધ કરાયો છે.

સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવ્યા અનુસાર પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃત્તિ ફેલાવવા માટે સરકારી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓને વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવા માટે સૂચના આપવામાં આવી છે.

# PAVAGADH

પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે સમગ્ર માસ દરમિયાન દરરોજ શિવ મહિમ્ન સ્તોત્રના પાઠ કરવામાં આવશે. જ્યારે દર સોમવારે ભગવાન મહાદેવની વિશેષ મહાપૂજા યોજાશે. પાવાગઢની યજ્ઞશાળામાં વૈદિક મંત્રોચ્ચાર સાથે મહાદેવને આહુતિ પણ અર્પણ કરાશે.